
ડીવ પત્રિકામાળા.

સ્વરાજ-ટંકાર.



ગાંડીવ સાહિત્ય મંદિર—સુરત.

ગંડિયાપુરાણ

— માટે —

શેઠ [illegible] [illegible] [illegible]

ગાંધી પત્રિકા માળા. મણકો ૭ મો.

સ્વરાજ-ટંકાર.

સ્વરાજ્યપ્રેમની ભભૂકતી, રણ બાણના ટંકાર
જુસ્સો ઉશ્કેરે, નિજ હૃદયને રોમાંચે એવી કવિતાઓ.

સ્વરાજ્ય—ટંકાર.

સાંભળો સ્વરાજ્યનો ટંકાર
ગુંજાવે ધરણી અપરંપાર,
આજ યુગ સ્વરાજ્યનો ટંકાર-સાંભળો.
સાબરમતિને પવિત્ર તટથી સ્વરાજ્યના ભણકાર,
અખિલ હિન્દમાં ચારે બાજુ ગાજે જયજયકાર.
થાય એ રણબાણ ટંકાર- સાંભળો.
જાગજો હિન્દ તણાં નરનાર
છોડજો અન્ય બધાય વિચાર
કરો બસ સ્વરાજ્યનો વિચાર — સાંભળો

પ્રથમાવૃત્તિ ૬૦૦૦.

પ્રગટ કર્તા,
ગાંધી સાહિત્ય મન્દિર
ઠે. ગાંધીરોડ- સુરત.

સ્વરાજ-સવારી

આવેછેરે આવે છે સ્વરાજ સવારી આવે છે;
    જયનાદ ગગનમાં ગાજે છે, સ્વરાજ્ય.

દૂર સ્વપ્ન થકી દૂર કહેવાતું
થાઓ લાયક ત્યારે જોવાનું.
    શું બાળક ચાંદો માંગે છે, સ્વરાજ્ય.

તક આવી રાજ્ય અહીં કરવાતાં
ઇલ્કાબ ખિતાબો ધરવા'તાં
    કાઉન્સીલ ફારસ કરવાંતાં. સ્વરાજ્ય.

પંજાબ ખિલાફતથી ચેત્યા,
ગાંધીજી અસહકાર ચઢ્યા,
    ધ્વજ લીલો લાલ ચઢાવે છે, સ્વરાજ્ય.

નોકરશાહી હાથ પડ્યા હેઠા,
ફાંફાઓ વિધવિધ લઈ બેઠા.
    પણ નહિ ચાલે જખ મારે છે, સ્વરાજ્ય.

હરિ ! લાજ હવે તારે હાથે,
વ્રત મોટાં લીધાં ગુરુ સાથે.
    બળ દે, કદી ના પાછા હઠીએ. સ્વરાજ્ય.

☞ આટલું વાંચો

અને

જરા રડો. ☜

"જેમ જેમ દહાડો વધતો ગયો તેમ તેમ કામનો બોજો વધારે વધારે જણાયો. દરોગા બહુ તીખો હતો. 'ચલાવો ચલાવો' એવા પોકાર કરી રહ્યા હતા. તેમ તેમ હિંદી ગભરાતા હતા. કેટલાકને મેં રોતા પણ જોયા. એક જણનો પગ સૂજેલો જોયો. મારું દિલ આથી રડતું હતું. છતાં હું સહુને કહેતો હતો કે દરોગાની દરકાર ન રાખતાં સાચે સાચા દિલથી કામ કરવું. હું પોતે પણ થાક્યો. હાથમાં ફોલ્લા પડ્યા. તેમાંથી પાણી ચાલ્યાં. વાંકું વળવું એ મુશ્કેલ લાગતું હતું. અને કોદાળીનો ભાર મણ જેટલો જણાયો. હું તો ઈશ્વર પાસે માંગ્યા કરતો હતો કે મારી લાજ રાખે. મને અપંગ ન કરે, ને હું કામ બરાબર કરી શકું એટલું મને જોર આપે. * * દરોગો મને ઠપકારવા લાગ્યો. * * આ વખતે મિ. જીણાભાઈ દેસાઈને મેં મૂર્છિત થતા જોયા ..."

આ વર્ણન ગાંધીજી કૃત મારો જેલનો અનુભવ નામના પુસ્તકમાંથી અત્રે આપવામાં આવ્યું છે. એનું જ બોધદાયક ચિત્ર તેમજ ગાંધીજીના બે જુદા જુદા ફોટા વાળી નવી આવૃત્તિ બહાર પડી છે. આજેજ છ આનાની ટિકિટ બીડી મોકલો, પાકું પૂઠું નવ આના. વી. પી. થી એક આના થશે.

સ્વરાજનો અર્થ


હોમરૂલ ! સ્વરાજને [illegible] હું સમજતું રહે,
રાજ્ય પવિત્ર આપણા હાથે [illegible] અનુભવે,
આ રાજ્ય [illegible] [illegible] બધાં કામો કરે,
ઇચ્છા પ્રમાણે આપણા ઉપયોગમાં નાણું [illegible].
આંતર [illegible] પ્રજાને, યોગ્ય રીતે [illegible]
ખામી પૂરી [illegible] [illegible] [illegible] છે.
ધન [illegible] [illegible] [illegible],
જન [illegible] [illegible] સુગમ
પ્રજારંજિત જે [illegible]
[illegible] [illegible] [illegible],
પ્રજા [illegible] [illegible]
કામ [illegible] તેની [illegible]
જેથી પ્રજાની મનગમતાનો
હેતુ અર્થ [illegible] [illegible]
સ[illegible] અલ્લાહથી [illegible] [illegible],
ભારતના જયકાર [illegible]

સ્વરાજ્ય વાદીની પ્રતિજ્ઞા.

અમે તો હિંદના બન્દા ઉઠાવ્યા નયના ઝુંડા
જુલમ અન્યાયની સામાં, અમારાં શિર છે ઉંચાં
નિતમ છો આભથી વરસે, ભલે ખંજર હૃદય ચીરે
ખવાણી ખડ્ગની પરવા. તજી છે સત્યને માટે
ગુલામો હોય જે જે તે, ગુલામી કાયદા સામે
ગુલામી બેડીથી લાજિમ રહેવું જેલ મંદિરિયે
અમે તો ક્રાઇસ્ટને મન્સૂર ગૌતમ બુદ્ધના ચેલા
અડગ ગર્દન ઝુકાવિશું છુટે જ્યાં તોપના ગોળા
ઉછળતા સાત સાયર છો ભલે વડવાનળે વિંટ્યા
ઝુકાવ્યું નાવ ભરદરિયે હલેસા સત્યના સાહ્યા
બળ, શૂરવીર ગાંધીજી અમારા ધ્રુવના તારા
નજર તે પર અચળ રાખી સલામત નાવ ખેડીશું.
કદી કારાગ્રહે મરશું રીબાઇ તોય શી પરવા
રૂહાઇ સત્યના જંગે પરાજય શબ્દ ના સુણ્યા
અમારી ભસ્મથી ઉઠશે વીરોની ફોજની ફોજો
રૂધિરનાં બુંદ બુંદેથી પ્રગટશે સત્ય વીર રત્નો
અમારાં ઉગ્ર આતપથી પીગળશે પત્થરો કાળા...
હૃદય સર પ્રેમ ધારાથી બુઝવશું જગતની જ્વાળા.

ખાદી-રટણ

હવે મને ખાદી નામથી નેહ લાગ્યો.
પરદેશી માલ કોનો, ક્યાંથી આવ્યો'ને સ્વાર્થનું સગપણ રાખે
પરદેશ નાણું ઘસડી જઇને ભારતને ચૂંસી નાંખેરે.
પરદેશી ફેશન મોંઘી પડે છે ભારત ગરીબડું થાયે;
બેકારી મોંઘવારી વધી જઇને પેટપૂરૂં ન ભરાયેરે.
મુખ્ય કરીને પરદેશી કાપડ દાટ જ હિંદનો વાળે,
ઢાકાની મલમલ સુરત મજલીન સ્વપ્નવત થઇ ભાસેરે.
હિંદનો પૈસો હિંદમાં ઇચ્છો તજી દીયો પરદેશી,
હિંદી હાજતથી કાપડ પહેરી બની જાઓ બસ ! દેશીરે.
હિંદના રૂનું સુતર કાંતીને હાથની શાળે વણાવો,
બીજું જાડું ત્યાં બોલો નહિ કાંઇ હેતેથી દેશી વધાવોરે.
સ્રી પુરૂષ સૌ ખાદી પહેરીને ખાદીને આજ ખપાવો,
ખાદીમય તમ જીવન કરીને હિંદી હુન્નર ટકાવોરે.
આપણાં સાદા દેશી પોશાકે સાદાઇ શાંતિ આવે,
સાદા હૃદયની સાધુતાથી આમ સ્વરાજ્ય હિંદ શોભાવેરે.



હિન્દનું ધ્યેય — સ્વરાજ્ય

આવ્યા ઘણી નામરંગોળે અમમાં રમેલા પ્રાણને
તમ હિત માટે રુધિરધારા વહાવી છે અમે
બહુ રંક છે ભારત હિન્દ તારે વિપુલ ધનઝરણાં વહ્યાં
એ વફાદારી તેહના જગ લીનતા આશ્ચર્યમાં ।

ગુરખા અને શિખ વીરનાં વિક્રમ તમે બહુ ગર્વથી
વદતાં અતિ મિઠાશથી છે વફાદારી હિન્દની
બદલાયું દૃષ્ટિકોણ એવું કે બન્યું શાણા બની
પણ હિન્દને આ આપશું દિલ ખોલી કો કહેતા નથી.

સેવા તણું બહુમાન અમે ચાહતા નથી આ રીતથી
જે જુની વાતો ગેરબારી ઉકેલવા ઇચ્છા નથી.
પણ આજ્ઞાએ ઈશ્વરને ... હવે આ માંગવું
બસ એક શુદ્ધ સ્વરાજ્ય એ છે ધ્યેય નૂતન હિન્દનું

પણ ત્યાં ... સ્વતંત્રતા, ... ન્યાય ... તૃપ્તિ તણા
લેશું હવે નિજ આત્મબળથી સદા રક્ષવાની વિશ્વનો.
અને ધ્યેય શુદ્ધ સ્વરાજ્ય અમને આત્મનૂર આપાવશે
ને હિન્દ જગમાં ગાજશે જો સાચનો દાવો હશે.

સ્વરાજવાદીની પ્રતિજ્ઞા

હમેશ માત્ર શુદ્ધ રેંટીઆના સૂતરનું હાથ વણાટનું કાપડ વાપરીશ. રોજ મારી શક્તિ પ્રમાણે સૂતર કાંતીશ. સ્વ[illegible] દરેક ચીજનો પૂરેપો લાભ લઈશ. જેમ બને તેમ અન્ય વિદેશી માલનો ત્યાગ કરીશ. અંત્યજોને અસ્પૃશ્ય નહિ ગણું. દેશમાં થતી ચળવળોને માટે ફંડની જરૂર પડતાં યથાશક્તિ તેમાં સહાય આપીશ. અદાલતો તેમજ કાયદાનો ખુબ કરકસરથી ઓછી રીતે ઉપયોગ કરીશ. જ્યાં સુધી સ્વરાજ્ય ન મળે ત્યાં સુધી ઈલ્કાબો વિગેરેનો ત્યાગ કરીશ. સઘળાં મનુષ્યો મારાં ભાઈ બ્હેન છે એમ માની સત્ય સમતા અને દયાથી વર્તીશ. —અને માત્ર નીતિ તરીકે પણ અહિંસાનું પાલન કરીશ.

સ્વરાજ્ય વાદી.

ભારત સંતાનોનું રણગીત

અમે તો ભારતનાં સંતાન
અમારો દેશ અમારો પ્રાણ:—અમે.
અમારો ધર્મ અમારો પ્રાણ:—અમે.
સ્વતન્ત્રતા જ્યોતિ પ્રગટાવા
ભગવો ભેખ ધરીશું
સ્વાર્થ અને તન મન ધન ભોગે
સેવા શુભ કરીશું
ગજવશું હિન્દ તણા જયગાન—અમે
ભારતમાં અમ આત્મયજ્ઞની
ઝળહળ જ્યોતિ ઝળકશે
આખીયે આલમનાં પાપો
નષ્ટજ થાશે બળશે
ફરકશે સ્વરાજ્યનાં નિશાન—અમે
અમારો દેશ અમારો પ્રાણ—અમે

ભારતનો વિજયધ્વજ

હમે આ હિંદના યોગી, ધરીશું ધ્યાન ભારતનું!
ઉડાવી ધર્મધ્વજ કરમાં, કરીશું ગાન ભારતનું!
ધરી છે શીલની શેલી, ચ્હડાવી જ્ઞાનની કફની;
વિરક્તિ દંડ શિર મેલી, ઝીલીશું તાન ભારતનું.
જલાવી કષ્ટની હોળી, ઉઠાવી ઇષ્ટની ઝોળી;
જમાવી સંતની ટોળી, ભરીશું ભાન ભારતનું.
ત્યજી છે લોકની લજ્જા, ત્યજી છે શાન્ત સુખસજ્જા;
હમારા માંસ ને મજ્જા, કર્યું કુરબાન ભારતનું.
નથી ધન માનની ઇચ્છા, નથી સંસારની વાંચ્છા.
નથી સુખ ભોગ આકાંક્ષા; ચહું સન્માન ભારતનું.
હૃદયમાં પ્રેમલય જાગી, સમાધિ લક્ષમાં લાગી;
હમે ત્યાગી–વિરાગી એ, લગાવ્યું ધ્યાન ભારતનું.
નસોમાં લોહી ભારતનું, શરીરમાં અન્ન ભારતનું;
સુખે છે ગાન ભારતનું સ્વરોમાં તાન ભારતનું.
હમારા જન્મનું સાર્થક, હમારા મોક્ષની સીડી;
હમારા સ્વર્ગને માટે, ચ્હડે વિમાન ભારતનું.
ગગનમાં નાચતો ઝુંડો, જગત્‌માં વ્યાપતું ચેતન;
ભુવનમાં જાગતો આત્મા, વિજય–નિશાન ભારતનું.

ગુણવંતો ગાંધીનો રેંટીઓ

(નૈહરની વનમાં વસમલે, એ રાહ.)

ગુણવંતો ગાંધીનો રેંટીઓ! કંઇક વસંત મનાયો.
જેને જગત ભૂલી ગયું તે તો પાછો આણ્યો. ગુણવંતો.
શહેર શીશે તું તો રેંટીઆ! તારી સુંદર છે ત્રાક,
તારા વડે મેં તો ઢાંકતા પોતે પોતાની લાજ, ગુણવંતો.
અદ્ભુત તારી આગંડ કે તારૂં ગણાગુણવંતુ નામ,
લાજ તુંથી રહે રંકની તારૂં ઉત્તમ છે કામ,
ગુણવંતો ગાંધીનો રેંટીઓ.

— — — —

ધીરો ધીરો ચાલજે! મીઠો નીરો ગાજેરે!
રૂડો મારો રેંટીઓ રાજ! ધીરો.
એ રેંટીઆમાં હેતે [illegible]
એ તારે તારે ભર્યું આનંદ ઉદ્ધાર રે! ધીરો.
(સાખી) ત્રાક રૂડી પણ રૂડા. ઉન્નત તેમાં નાથ.
ઉન્નત પ્રાણી આગળ ઉન્નત મારા હાથ.
દુઃખો સહુ હરનારે! અમરપણું કરનારે!
રૂડો મારો રેંટીઓ રાજ! ધીરો.

મંત્ર વંદે માતરમ્

પ્રેમથી બોલો મહાશય, શબ્દ વંદે માતરમ્
આ જીવનનો એજ આશય ....
એ બહુ હિંદુ મુસલમીન પારસી ને જૈનનો
શિખ ખ્રિસ્તી યાહુદીનો ધર્મ વંદે માતરમ્
એ ગીતા ને વેદ કે કુરાન બાઇબલ એજ છે
એ આપણા ગ્રંથસાહેબ મર્મ – વંદે માતરમ્
એજ ઇશ્વર એ જીનેશ્વર એ અલ્લાહો અહુરમઝદ
ગોડ ગુરૂસાહિબ એ બહુ, નામ વંદે માતરમ્
મંદિરો મસ્જીદ અગિઆરી અને ઉપાસરા
ચર્ચ ગુરૂદ્વારા ધરમના ધામ વંદે માતરમ્
બાંગપુજા મંત્ર એ કલ્મા વળી નીમાઝને
બંદગી ઇશ્વર ભજનના સુર વંદે માતરમ્
હાથકડી હાથે પડે કે પાયમાં જંજીર હો
લાલ લેને આપી કરીશું ગાન વંદે માતરમ્
ફાંસી કેરે માંચડે ચઢવું યદિ અમને પડે,
ધન્ય તો તે સમય ધરીશું ધ્યાન વંદે માતરમ્
નિર્ભય બની ત્રયલોક ડંકો જય તણો વગડાવીને
ગગન ભેદી સ્વરથી ગાઇશું મંત્ર વંદે માતરમ્

હિંદની લુંટ

હિન્દ માતાને જખ્મો લાગી છે, શું કહું વીરા વારંવાર;
હારમોનીયમ વાજાં લુંટે, સાત લાખ ચાળીસ હજાર.
ટાઈપ રાઈટર સાત લાખને ચોસઠ હજારને હરતા;
ચપ્પુ કાતરો સાત લાખને અડસઠ હજાર ઘરે કરતા.
બાર લાખને હજાર ચૌદ તો ટોપી ધુતે દર સાલે;
વીસ લાખ પેટંટ દવાઓ દેશે આવી ઘર ઘાલે;
સવા બાવીસ લાખ રૂપીઆ સાયકલના દેશોથી જાય.
તેવીસ લાખને સોળ હજારની બંગડી આવે ભારતમાંય.
એકત્રીસ લાખ રમકડાં ખાતે રડે હિંદ માડી ચોધાર;
છત્રી લેતી લાખ એકત્રીસ સાઠ અને વળી નવ હજાર.
તેત્રીસ લાખનું દુધ બનાવટી પાંત્રીસ લાખના બીસ્કીટ ખાય;
સાડી સાડત્રીસ લાખ બુટમાં રૂપીઆ હિંદ તણાતો જાય.
સાડી તેંતાળીસ લાખ તણી ખાવાની ચીજો આવે દેશ,
દેશ ભીખારી થયો આપણો મુખમાં મ્હાલે છે પરદેશ.
રંગ લેતા પીસ્તાળીસ લાખને વધુ જુઓ ત્રેસઠ હજાર.
ક્યાં જઈ રડીએ દુઃખડાં દીલનાં ઝાળ ઉઠે છે મન મોઝાર
છાતી બાળીને ચીરૂટ ખાય છે એંશી લાખ રૂપીઆ પૂરા;
લાખ એકાણું રબર ખાય છે સુણી હવે બનજો શૂરા.
કરોડ કાચના લેમ્પ લઈ લે શું કહું કથની દુઃખની હાય
હાય- કરોડને વળી લાખ ૨૯ મોટર ગાડીના તો જાય
મોજાં દીવાસળી દેશે આવે છે કરોડ એક આડત્રીસ લાખ
ત્રણ કરોડની આવે સ્ટેશનરી હિંદીઓ ચોળે છે રાખ

સત્યાગ્રહ
એક આનાની ટિકિટ બીડો.
ગાંડીવ સાહિત્ય મંદિર સુરત.

અઢી ક્રોડ કાપડ રેશમનું ખાય મઝાથી ભારત માય.
ત્રણ ક્રોડને લાખ એકાણું રસાયનીક પદાર્થો ખાય.
ખાંડ દેશની બહાર ધકેલે સોળ કરોડ એકસઠ હજાર;
ધર્મ અને વળી ધન લૂટે છે સુણજો વીરા વારંવાર.
કરોડ એકત્રીસ મીલ તણા, યંત્રો પરદેશી ખેંચી જાય
દેશ ભીખારી થયો ભાઈઓ વિચાર કરો ઉંડા મન માંય.
સાઠ કરોડ પરદેશી કાપડ ખાય દેશને મારીને
દુઃખી કર્યા દેશી બંધુને શૉખ મોહ વધારીને
વિચાર કરીને માટે વીરા પરદેશી કાપડ ત્યાગો
પ્રભુ અવતર્યા ગાંધીજીમાં મર્દ બની કામે લાગો

તમારા

ઘરની શોભા

સમાં

પુસ્તકો.

હિંદની હાલત	૧-૦-૦
રાજપૂતવીરરસકથા	૦-૧૦-૦
આસામ પર હલ્લો	૧-૪-૦
પ્રમોદા	૧-૪-૦

દરેકનું પૂંઠું પાકું સુશોભિત છે. દરેકનું ટપાલ ખર્ચ જુદું. આ. ૦-૪ આનો,

ગાંડીવ સાહિત્ય મંદિર,

૧૮૦ ચૌટા બજાર—સુરત.

મુદ્રક અને પ્રકાશક :— ઈશ્વરલાલ મૂળચંદ વીમાવાળા.
ગાંડીવ મુદ્રણાલય, ડેબાંપીઠ સુરત.

રાષ્ટ્રીય ગરબાવળિ

હરેક ઘરમાં
હરેક બાલાના હાથમાં } હોવીજ

હરેક ગૃહસ્થની
લાયબ્રેરીમાં } જોઇએ

આજેજ બે આનાની ટીકીટ
બીડી મંગાવી લ્યો.

લખો:—
ગાંડીવ સાહિત્ય મન્દિર—સુરત.

ગાંધીજીનો જેલનો અનુભવ.

નહિ વાંચ્યો તેનું અફસોસ ખુબ.

પત્થર ફોડતા કેદીના તથા બીજા ફોટાઓ વાળી નવી આવૃત્તિ તૈયાર થઇ છે. સાત આનાની ટિકીટ બીડી મોકલો. આજેજ લખો.

ગાંડીવ સાહિત્ય મન્દિર—સુરત.

આ ટાઇટલ શ્રી 'ગાંડિવ વિજય' પ્રેસમાં છાપ્યું. બરાનપુરી ભાગળ